EXAMINATION STRUCTURE FOR GUJARATI – CODE 010

CLASS: IX

FIRST TERM (APRIL 2011 – SEPTEMBER 2011) SA I

SECTION	DETAILS OF TOPICS/CHAPTERS	TYPES OF QUESTIONS	NO. OF QUESTIONS	MARKS
SECTION A READING	Two unseen passage. Prose followed by question	S.A. M.C.Q.	01 06	1X6=6 6X1=6 **Total=12**
SECTION B WRITING	1. Essay or story from the points given 2. Letter Writing	S.A. L.A.	02 01	2X5=10 1X8=08 **Total=18**
SECTION C GRAMMAR	1. Nouns, Pronouns, verbs, conjunctions, Interrogative, Explanatory sentences. 2. Punctuations, Colon semi Colon/hyphen . 3. Synonyms-Antonyms from the textbook	M.C.Q. S.A. S.A.	07 01 01	7X1=7 4X1=4 4X1=4 **Total=15**
SECTION D LITERATURE	**<u>Prose:</u>** 1. Read given paragraph from the textbook and answer. 2. Give reason (any three) 3. Answer in one sentence (any four) 4. Answer in details (any two) **<u>Poetry:</u>** 1. Write the answer from the given poems (any four) from text 2. Interpret the poem (from text) 3. Give reasons in one sentence. 4. Answer in detail (any two)	S.A. S.A. S.A. S.A. S.A. S.A. S.A. S.A.	01 03 04 02 04 02 02 02	5X1=5 2X3=6 1X4=4 2X4=8 **Total=23** 4X1=4 2X3=6 2X2=4 2X4=8 **Total=22** **Total = 45**
TOTAL				**90 Marks**

Class – IX
Sample Paper
Summative Assessment – 1

The Question paper is divided in to 4 sections.

Section - A Reading : 12 Marks.
Section - B Writing : 18 Marks.
Section - C Grammer : 15 Marks.
Section - D Literature : 45 Marks.

Section – A

પ્રશ્ન-1 (અ) નીચે આપેલો ફકરો વાંચીને પૂછેલા પ્રશ્નોના જવાબ આપેલા વિકલ્પમાંથી શોધીને લખો. (6)

અમુક સદગુણો અને સિદ્ધાંતોને વળગી રહો , જીવનમાં કદી તેમનો ત્યાગ કરો નહિ. તેઓ જ તમારા મિત્રો અને મદદગાર બનશે.આથી તમારી પ્રગતિ થઈ છેવટે શાશ્વત સુખ અને સફળતા પ્રાપ્ત થશે. આ સદગુણોને અમલમાં મુકવા માટે દૃઢ નિશ્ચય કરો અને તે માટે અંગત ડાયરી રાખો. તમારી રોજની વર્તણૂંક અને વાણીની નોંધ રાખો.આથી તમારો વિકાસ થાય છે કે નહિ તેનો ખ્યાલ આવશે.તમારી ભૂલો નજરે પડશે તે તમે સુધારી શકશો.ડાયરી મિત્રની ગરજ પૂરી પાડી તમારી નિર્બળતા બતાવી તમને નમ્ર બનાવશે. રોજ ઈશ્વરની પ્રાર્થના કરો અને તેને આંતરિક બળ અને દોરવણી આપવા માટે વિનંતી કરો. આથી આત્મબળ વધશે અને સદગુણોગુણોનો વિકાસ થશે. આદર્શ મહાત્માઓના જીવન ચરિત્ર અને ઉપદેશોમાંથી પ્રેરણા મેળવી તે અનુસાર તમારું જીવન ઘડતર કરો.તમારું મન કદી શૂન્ય કે આળસુ બનશે નહિ. ઉમદા જીવન માટે સાચા વિચાર ચાવીરૂપ છે.

પ્રશ્નો- (1) સદગુણો અને સિદ્ધાંતો આપણા ....

(અ) મિત્રો અને હિતશત્રુ છે.
(બ) મિત્રો અને સલાહકાર છે.
(ક) મિત્રો અને મદદગાર છે.
(ડ) હિતેચ્છુ છે.

(2) સદગુણોને વળગી રહેવાથી ....

(અ) આપણી વાણી સુધરે છે.
(બ) આપણી વર્તણૂંક સુધરે છે.
(ક) સુખ અને સફળતા પ્રાપ્ત થાય છે.
(ડ) આપણને મદદ મળે છે.

(3) ડાયરી આપણને .....

(અ) આપણો દૈનિક કાર્યક્રમ જણાવે છે.

(બ) આપણો વિકાસ બતાવે છે.

(ક) દૃઢ નિશ્ચયી બનાવે છે.

(ડ) મિત્રની જેમ આપણી નિર્બળતા બતાવે છે.

(4) ઉમદા જીવન માટે .....

(અ) મિત્રો બનાવવા જરૂરી છે.

(બ) મહેનત કરવી જરૂરી છે.

(ક) ડાયરી રાખવી જરૂરી છે.

(ડ) સિદ્ધાંતોને વળગી રહેવું જરૂરી છે.

(5) આત્મબળ અને સદગુણોમાં વૃદ્ધિ....

(અ) ઈશ્વરને પ્રાર્થના કરવાથી થશે.

(બ) ઈશ્વરને આંતરીક બળ અને દોરવણી માટેની વિનંતી કરવાથી થશે.

(ક) ડાયરી લખવાથી થશે.

(ડ) સુખી અને સફળ જીવન જીવવાથી થશે.

(6) ગદ્યખંડનું યોગ્ય શીર્ષક .....

(અ) ડાયરીની ઉપયોગિતા

(બ) ઉમદા જીવન

(ક) ચારિત્ર ઘડતર

(ડ) સદગુણોનું મહત્ત્વ

(બ) નીચે આપેલો ગદ્યખંડ વાંચીને તેની નીચે પૂછેલા પ્રશ્નોના જવાબ લખો. (6)

કેવળ શ્વાસોચ્છવાસનું નામ જ જિંદગી નથી. પારકાના આધારે અને ઉપકારે જીવવું અને એનાથી દબાઈ રહેવું એ તો મૃત્યુથી યે બદતર છે.જગનિંદા કે ભયના ઓળા નીચે સબડવું એ કાંઈ જિંદગી ન કહેવાય. સાચી જિંદગી તો છે મુક્તિમાં. સ્વતંત્રતાનું સુખ બધાથી ચડિયાતું છે. દુનિયામાં પોતાની તાકાતથી , સાચી ખુમારીથી ડોક ઊંચી રાખીને અર્થાત ગૌરવપૂર્વક જીવવું જોઈએ.પોતાના આદર્શો અને વિચારો રજૂ કરતા પાછી પાની ન કરવી જોઈએ.સ્વતંત્રતાનું સંગીત એ જ મનુષ્યના જીવનનો ધબકાર બનવો જોઈએ.આત્માનો અવાજ જ આપણો પથદર્શક બનવો જોઈએ. જીવનસંગ્રામમાં હસતા મોંએ ખપી જવું પડે તો ય શું? કદીયે કોઈને આપણી દયા ખાવાનો વારો ન આવે અને સૌ આપણી મુકત મસ્તીભરી જિંદગી જોઈ આકર્ષાય એ રીતે ઝિંદાદિલીથી જીવવું જોઈએ.આવું જીવન એ જ સાચું જીવન.

પ્રશ્નો- (1) લેખકને કેવી જિંદગી માન્ય નથી?

(2) સાચી જિંદગી કોને કહેવાય ?

(3) મનુષ્યે કેવું જીવન જીવવું જોઈએ?

(4) જીવનસંગ્રામ કેવી રીતે લડવો જોઈએ?

(5) 'પાછી પાની કરવી' અને 'હસતા મોંએ ખપી જવું' રૂઢિપ્રયોગના અર્થ જણાવો.

(6) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

Section - B

પ્રશ્ન-2(અ) નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય પર આશરે 150 શબ્દોમાં નિબંધ લખો. (5)

(1) એક બાળ ; એક ઝાડ (2) માતૃદેવો ભવ

(3) પરિશ્રમ એ જ પારસમણિ (4) મારો પ્રિય ખેલાડી

(બ) આપેલા મુદાઓના આધારે વાર્તા લખીને યોગ્ય શીર્ષક તથા બોધ લખો. (5)

ગુરુ દ્રોણનો આશ્રમ – કૌરવ-પાંડવોનું વિદ્યા ગ્રહણ કરવા જવું – અનેક વિદ્યાનું જ્ઞાન આપવું- કૌરવ-પાંડવોની પરીક્ષા – ઝાડ પર બેઠેલા પક્ષીની આંખ વીંધવાની કસોટી – દરેક શિષ્યનું નિષ્ફળ જવું – અર્જુનનું તીર નિશાના પર લાગવું – ગુરુનું પ્રસન્ન થવું .

(ક) તમે જોયેલ ભૂકંપના દૃશ્યનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો. (8)

Section - C

પ્રશ્ન-3 (અ) નીચે આપેલા પ્રશ્નોના સાચા જવાબ આપેલા વિકલ્પોમાંથી શોધીને લખો. (7)

(દરેક પ્રશ્ન એક એક ગુણનો છે.)

1) રંગીલદાસ તેના પર ખૂબ ચીડાતા. વાક્યમાં સંજ્ઞાનો પ્રકાર કયો છે ?

(અ) ભાવવાચક (બ) જાતિવાચક

(ક) સમૂહવાચક (ડ) વ્યક્તિવાચક

2) તમે ઉશ્કેરાઈ ગયા છો એટલે વધારે વાત કરવામાં માલ નથી. એ વાક્યનો પ્રકાર છે...

(અ) સાદું વાક્ય

(બ) સંયુક્ત વાક્ય

(ક) પ્રશ્ન વાક્ય

(ડ) ઉદગાર વાક્ય

3) 'ભાઈ તમે સારું કર્યું એ બેઈમાનને કાઢી મુક્યો.' માં સર્વનામ કયું છે ?

(અ) ભાઈ

(બ) બેઈમાન

(ક) તમે

(ડ) તમે અને એ

4) 'વિદ્યાર્થી કેરીનો કરંડિયો લઈને બજારમાં ગયો.' માં ક્રિયાપદ છે...

(અ) લઈને

(બ) ગયો

(ક) કેરી

(ડ) લઈને અને ગયો

5) નીચેનામાંથી કયુ પ્રશ્ન વાક્ય નથી?

(અ) શું બીજો કોઈ ઉપાય છે?

(બ) બીજો કોઈ ઉપાય નથી.

(ક) શું બીજો કોઈ ઉપાય નથી?

(ડ) બીજો કોઈ ઉપાય છે?

6) નીચેનામાંથી કયુ વાક્ય ઉદગાર વાક્ય છે?

(અ) હંસોની શાંતિથી કાગડાભાઈ તાનમાં આવી ગયા.

(બ) હંસોની શાંતિથી કાગડાભાઈ કેવા તાનમાં આવી ગયા!

(ક) હંસોની શાંતિથી કોણ તાનમાં આવી ગયું?

(ડ) કાગડાભાઈ શેમાં આવી ગયા?

7) 'પાઠ્યપુસ્તકો એનો પ્રાણ બની ગયા.' વાક્યમાં રહેલ સંજ્ઞાનો પ્રકાર જણાવો.

(અ) જાતિવાચક

(બ) ભાવવાચક

(ક) ભાવવાચક અને જાતિવાચક

(ડ) સમૂહવાચક

(બ) નીચે આપેલા વાક્યોમાં અર્ધવિરામ , અલ્પવિરામ, ગુરુવિરામ કે લઘુરેખાનો યોગ્ય રીતે ઉપયોગ કરી વાક્યો ફરીથી લખો. (4)

(1) પાંડવો પાંચ હતા યુધુષ્ઠિર ભીમ અર્જુન સહદેવ અને નકુલ.

(2) કુરુક્ષેત્રની ભૂમિ પર કૌરવો પાંડવો વચ્ચે યુદ્ધ થયું હતું.

(3) દુઃખને સમયે હરબડી જતાં પહેલાં વધારે દુઃખી લોકે જે ધીરજ રાખી હોય તે સંભારવી અને સુખની વખતે ફુલાઈ જતાં પહેલાં સુખી છતાં દુઃખી થયેલાંને સ્મરણમાં લાવવા.

(ક) વિરોધી શબ્દો લખો. (2)

આંતરીક , નિવૃત્તિ

(ડ) બે- બે સમાનાર્થી શબ્દો લખો. (2)

અનાદર , કલ્યાણ

Section - D

પ્રશ્ન-4(અ) નીચે આપેલો ફકરો વાંચી પૂછેલા પ્રશ્નોના જવાબ લખો. (5)

1) આપણને સર્વને આપણાં ખાનગી કામોને અંગે તેમજ જાહેર કામોને અંગે જાહેરમાં જ્યાં બધાં જાણીતાં-અજાણીતાં માણસો હોય અને આવે-જાય એવો સંભવ હોય એવાં સ્થાનોમાં જવા-આવવાનું થાય જ છે.એવે પ્રસંગે કેવી રીતે વર્તવું એ એક મહત્ત્વનો પ્રશ્ન છે.એવી જગાના વર્તાવથી સામાન્ય વ્યક્તિનો ક્યાસ કાઢવામાં આવે છે. એટલું જ નહિ ,પણ આખા સમાજનો ક્યાસ પણ તેના જાહેરના વર્તનથી જ થાય છે. જાહેર વર્તનમાં મારે સિધ્ધાંતો કે ધોરણો આપવાના હોય તો આ રીતે આપું : સ્વચ્છતા, વ્યવસ્થા અને શોભા. જાહેરમાં વર્તાવના બધા નિયમોનું મૂળ ત્રણમાં રહેલું છે. એ જોતાં એમ કહી શકાય કે આ ત્રણ ધોરણો જીવનમાં ધ્યાનમાં રહે તો દરેક માણસનું વર્તન શિષ્ટ પ્રકારનું થાય. ટેવને લીધે અને અજ્ઞાનને લીધે આપણાં જીવનમાં ઘણા દોષો પેસી ગયા છે એ તરફ ધ્યાન દોરવાની ખાસ જરૂર છે.

પ્રશ્નો- (1) સામાન્ય વ્યક્તિનો ક્યાસ શેના ઉપરથી કરવામાં આવે છે ?

(2) માણસનું જાહેર જીવન ક્યારે આદર્શ બની જાય?

(3) જીવનમાં દોષો આવવાનું કારણ કયું છે ?

(4) ક્યાસ કાઢવો એટલે શું ?

(5) જાહેરમાં વર્તાવનું મૂળ શેમાં રહેલું છે ?

(બ) નીચેના વિધાનો માટે બે-ત્રણ વાક્યોમાં કારણો લખો.(કોઈપણ ત્રણ) (6)

(1) કીરપો ઓશરીમાં જતો રહ્યો,કારણ કે.........

(2) બા એકલે હાથે બધા મોરચે ઝઝુમતી રહી, કારણ કે......

(3) જાહેરસભાઓમાં શાંતિ રાખવી જોઈએ, કારણ કે......

(4) ગુરૂદ્રોણને યુધિષ્ઠિર પર ગુસ્સો આવ્યો, કારણ કે....

પ્રશ્ન-5(અ) નીચેના વાક્યોના એક એક વાકયમાં ઉત્તર લખો. (કોઈપણ ચાર) (4)

(1) રાજા વિશળદેવ કેવા રાજા હતા ?

(2) યરવડા જેલમાં ગાંધીજીની સાથે કોણ હતું ?

(3) બાના લગ્ન થયા ત્યારે બાની ઉંમર કેટલી હતી ?

(4) ઈચ્છાકાકાએ ક્યા સ્ટેશને જાનૈયાઓને ચા નહતી પીવા દીધી?

(5) કૌરવોના મોટાભાઈનું નામ શું હતું?

(બ) નીચેના આપેલા પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો.(કોઈપણ બે) (8)

(1) 'પાઠ પાકો થયો નથી' પાઠમાંથી આપણને શો બોધ મળે છે ?

(2) ઈચ્છાકાકાએ જાનૈયાઓને કઈ રીતે પાઠ ભણાવ્યો ?

(3) બાના ભક્તિનિષ્ઠ અને તપોનિષ્ઠ સ્વરૂપનો પરિચય કરાવો.

પ્રશ્ન- 6 (અ) નીચે આપેલી કાવ્યપંક્તિઓ વાંચીને પૂછેલા પ્રશ્નોના જવાબ લખો. (4)

ભીંડો ભાદરવા તણો, વડને કહે સુણ વીર;
સમાઉં નહિ હું સર્વથા ,તું જા સરવર તીર;
તું જા સરવર તીર, સુણ વડ ઊચર્યો વાણી;
વીત્યે વર્ષાકાળ જઈશ હું બીજે જાણી;

દાખે દલપતરામ , વીત્યો અવસર વર્ષાનો;
ગયો સુકાઈ સમૂળ ,ભીંડો તે ભાદરવાનો

પ્રશ્નો

(1) ભીંડો વડને શું કહે છે ?

(2) વડે તેને શો ઉત્તર આપ્યો ?

(3) ભીંડો ક્યારે સુકાઈ ગયો ?

(4) ભીંડાનો છોડ ક્યારે ઉછરે છે ?

(બ) નીચે આપેલી કાવ્યપંક્તિઓ સમજાવો. (6)

(1) વળી પરદેશી બીજા જેને ભૂમિએ પાળી મોટા કર્યા,
પરધર્મી પણ હિત ઈચ્છનારા માત તણું – જે ભાઇ ઠર્યા.

(2) ઉન્નત ગિરિશૃંગોના વસનારા તમે !
ઊતર્યા રંક ઘરે ,શો પુણ્ય પ્રભાવ જો!
લેશ ન લીધો લલિત ઉરોનો લ્હાવ જો !

પ્રશ્ન-7(અ) નીચે આપેલા વિધાનો માટે બે-ત્રણ વાક્યોમાં કારણો લખો.(કોઈપણ બે) (4)

(1) 'જઈએ આપણે પાછા' કવિતાના કવિ ઝબકીને જાગી જાય છે, કારણ કે.....

(2) બ્રાહ્મણે શિવજીની આરાધના કરી, કારણ કે.......

(3) કવિ મહેમાનોને પુન: પધારવાનું કહે છે, કારણ કે......

(બ) નીચે આપેલા પ્રશ્નોના મુદાસર જવાબ લખો.(કોઈપણ બે) (8)

(1) શ્રીકૃષ્ણ ક્યારે અને ક્યાં વાંસળી વગાડે છે ? એમની વાંસળીના સૂરોની

(2) કોની -કોની પર કેવી અસર થાય છે?

(3) કવિ નર્મદ ગુજરાતી કોને કહે છે ? તેઓ ગુજરાતીઓ પાસે શી અપેક્ષા રાખે છે ?

(4) 'પારસમણિ' કાવ્યની વાર્તા તમારા શબ્દોમાં લખો.